Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૮ (ચાલુ), વીર સં. ૨૫૦૦
વિ. સં. ૨૦૩૦ કારતક

सदा निरीक्षेत निजं चरित्रं शुद्धिं समागच्छति हीयते वा ।
हानि च वृद्धि च धनस्य पश्यन् मूढः स्ववृत्ते न दृशं करोति ॥

હંમેશાં મનુષ્યે પોતાના વર્તન ઉપર ધ્યાન આપવું જોઈએ, કે તે સુધરતું જાય છે કે બગડતું જાય છે. માણસ પોતાના ધનની હાનિ–વૃદ્ધિ પર ધ્યાન રાખે છે. પણ પોતાના ચારિત્રની (વર્તનની) શી દશા છે, તે તરફ ધ્યાન આપતો નથી. કેવી મૂઢતા.

—ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાયવિજયજી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૭૧ ] નવેમ્બર : ૧૯૭૩ [ અંક : ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | નૂતન વર્ષ અભિવાદન .... | દેસાઈ જગજીવનદાસ જે. જૈન .... | ૧ |
| (૨) | નૂતન વર્ષના મંગળ પ્રવેશે .... | મનસુખલાલ તા. મહેતા .... | ૨ |
| (૩) | સાધના અને વાસના .... | મનસુખલાલ તા. મહેતા .... | ૮ |
| (૪) | શ્રાદ્ધ પ્રતિક્રમણનાં સૂત્રોના નામાન્તરો અને વિષય વૈવિધ્ય .... | હિરાલાલ ર. કાપડિયા .... | ૧૧ |
| (૫) | નિમિત્તની પ્રબળતા .... | પૂજ્ય આ. શ્રી. વિજયદેવસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પં. શ્રી હેમચન્દ્ર વિજયજી મહારાજ .... | ૧૪ |
| (૬) | સમાચાર સાર .... | — .... | ૧૫ |


## આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રી વિદ્યાવિજય સ્મારક ગ્રંથમાળા—સાઠંબા

# સમાચાર સાર

**નૂતન ઉપાશ્રય-ભાવનગરના વ્યાખ્યાન હોલની નામકરણ વિધિઃ-** નૂતન ઉપાશ્રયના વ્યાખ્યાન હોલના નામકરણ વિધિ અંગે એક સમારંભ આસો વદી ૬ ને બુધવારના રોજ યોજાયો હતો. આ પ્રસંગે પૂજ્ય આચાર્યશ્રી મેરૂપ્રભસૂરીજીએ પ્રસંગોચિત સુંદર પ્રવચન કરી સુંદર કાર્યો કરવા માટે જૈન સમાજને પ્રેરણા આપી હતી. આ ઉપરાંત શેઠ શ્રી વાડીલાલ ચત્રુભુજ ગાંધી, શ્રી જેન્તીલાલ મ. શાહ વગેરેએ પ્રસંગોચિત બે બોલ કહી આ સુંદર કાર્યની અનુમોદના કરેલ શ્રી સંઘના વયોવૃદ્ધ પ્રમુખ શેઠ શ્રી ભોગીભાઈને વરદ હસ્તે વ્યાખ્યાન હોલની નામકરણ વિધિ કરવામાં આવી હતી. આ વ્યાખ્યાન હોલનું નામ "શા ચુનીલાલ જેઠાલાલ તથા શા હિંમતલાલ દીપચંદ, અ. સૌ. લીલાવંતી બહેન ચુનીલાલ તથા અ. સૌ. ઈચ્છાબેન હિંમતલાલ ઉમરાળાવાળા વ્યાખ્યાન હોલ" એ પ્રમાણે જાહેર કરવામાં આવ્યું અને આખી સભાએ હર્ષનાદથી વધાવી લીધેલ.

બપોરના આ પુણ્યશાળી દાતાઓ તરફથી 'શ્રી સિદ્ધચક્રનું પૂજન' રાખવામાં આવેલ અને તેઓશ્રી તરફથી પ્રભાવના થયેલ.

## પંન્યાસપ્રવર નેમવિજયજીના સ્વર્ગવાસ અંગે યોજાયેલ ગુણાનુવાદ સભા

પરમપૂજ્ય આચાર્ય શ્રી સમુદ્રસૂરીશ્વરજીની અધ્યક્ષતામાં પં. શ્રી નેમવિજયજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે આસો શુદ ૧૪ સં. ૨૦૨૯ ના રોજ આત્માનંદ જૈન ઉપાશ્રય વડોદરામાં ગુણાનુવાદ સભા યોજાઈ હતી.

આ પ્રસંગે પન્યાસજીના પરિચય તથા પં શ્રી ચંદનવિજયજી તરફથી શ્રદ્ધાંજલિ વાંચી સંભળાવવામાં આવી હતી. વક્તા શ્રી ભોગીલાલ સાંડેસરાએ પૂજ્ય મહારાજશ્રીના જીવનનાં પ્રસંગોનું વર્ણન કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી તેમજ સંઘના અન્ય અગ્રણીઓએ પણ સ્વર્ગસ્થ પંન્યાસજીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૭૧ ] વિ. સં. ૨૦૩૦ કારતક ∴ ઈ. સ. ૧૯૭૩ નવેમ્બર [ અંક : ૧

વંદે વીરમ્

## ભગવાન મહાવીરની
## પચ્ચીશમી નિર્વાણ શતાબ્દિ

વીર સંવત્ ૨૫૦૦ કારતક સુદ ૧ શનિવાર

# નૂતન વર્ષ-અભિવાદન

નૂતન વર્ષની આ છે અમારી શુભેચ્છાઓ;
તમારા આંગણે ફરકી રહો ધર્મની ધ્વજાઓ.
આજે સળગી રહી છે સંસ્કૃતિ, સંપત્તિ પૂજાય છે;
ભગવાન પૂજાતા નથી પણ મંદિરો પૂજાય છે.
બુદ્ધ, મહાવીર, ગાંધી સ્મરણો ભુંસાય છે જગતમાંથી;
જ્યાં મહેક માનવતા હતી, ત્યાં દાનવ દીસે વતનમાંથી.
સંપત્તિ બનો તમારી "વીરભામા" ઇતિહાસ સમી;
ધર્મ કાજે દેશ કાજે જેણે સમૃદ્ધિ દેશ ચરણે ધરી.
નૂતન વર્ષની આ છે અમારા અંતરની શુભેચ્છાઓ;
તમારા હૈયે સદાય રહેજો, માનવ ધર્મની કથાઓ.

દેસાઈ જગજીવનદાસ જે. જૈન-બગસરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'નૂતન વર્ષના મંગળ પ્રવેશે'

શ્રી જૈન આત્માનંદસભાનું મુખપત્ર 'શ્રી આત્માનંદ પ્રકાશ' પ્રસ્તુત અંકથી સિત્તેર વર્ષની લાંબી મઝલ પૂરી કરી એકોત્તેર વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે, જે પ્રસંગ અમારા માટે તેમજ સમગ્ર જૈન સમાજ માટે ગૌરવ લેવા જેવો છે. આવી એકધારી સફળ કૂચ માટેનો યશ ચતુર્વિધ સંઘના ફાળે જાય છે. સભા તરફથી પ્રગટ થયેલા અને પ્રગટ થતા ગ્રંથો તેમજ 'આત્માનંદ પ્રકાશ'માં પ્રગટ થતા લેખોમાં અમને આપણા પૂજ્ય સાધુ ભગવંતો, પૂજ્ય સાધ્વીજીઓ, અભ્યાસી અને વિચારક લેખકો તેમજ લેખિકા બહેનોનો સહકાર અને સાથ સાંપડયા કર્યો છે જે માટે તેઓ સૌનો આ તકે અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. દેવ, ગુરુ અને ધર્મને વફાદાર રહી જૈન સમાજનો અભ્યુદય થાય એવું સાહિત્ય પીરસવું એજ આ સભાનું ધ્યેય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને લક્ષમાં લઈએ ધ્યેયથી ચ્યુત ન થવાય એ વિષે પૂરતી કાળજી રાખીએ છીએ. અમારા આવા ધ્યેયની સિદ્ધિ અર્થે જે જે સંસ્થાઓ, પૂજ્ય ગુરુદેવો તેમજ મહાનુભાવોએ એક અગર તો બીજી રીતે અમને સહકાર તેમજ માર્ગદર્શન આપેલાં છે તે સૌનો પણ આજના પ્રસંગે અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

ગયા વરસે સભાના પેટ્રનો અને આજીવન સભ્યોને સુપ્રસિદ્ધ સ્વર્ગસ્થ લેખક સુશીલનું 'ભગવાન મહાવીર યુગનાં ઉપાસિકાઓ' નામનું પુસ્તક છપાવી ભેટ આપવામાં આવેલું છે. સદ્‌ગત આગમ પ્રભાકર શ્રુતશીલવારિધિ પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબનો સ્મૃતિગ્રંથ હાલમાં અમદાવાદમાં સભા તરફથી છપાઇ રહ્યો છે અને તેની પ્રકાશન વિધિ થયા બાદ સભાના પેટ્રનો તેમજ આજીવન સભ્યોને રવાના કરવામાં આવશે. મહારાજશ્રીનાં જીવનને લગતા વિવિધ લેખો તેમજ ફોટાઓ સાથે આ દળદાર ગ્રંથને અત્યંત કળાયુકત અને સુશોભિત બનાવવા પાછળ જૈન સમાજના જાણીતા નીડર લેખક શ્રી. રતિલાલ દીપચંદ દેશાઈએ ભગીરથ પ્રયત્નો કર્યા છે અને તે માટે તેઓ આપણા સૌના ધન્યવાદને પાત્ર બન્યા છે.

ચાલી આવતી પ્રણાલિકા મુજબ ગત વરસે પણ ભગવાન મહાવીર જન્મકલ્યાણક અંક તેમજ પર્વાધિરાજ શ્રી પર્યુષણ ખાસ અંક પ્રગટ કરવામાં આવ્યા હતા. 'આત્માનંદ પ્રકાશ'માં મુખ્યત્વે જૈનદર્શન, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ, ધાર્મિક શિક્ષણ, ધાર્મિક અને બોધદાયક કથાઓ તેમજ જીવન સુધારણા વિષયક લેખોને સ્થાન આપવામાં આવે છે. ગદ્ય અને પદ્યની વિધવિધ સુંદર સામગ્રી પીરસવામાં ગત વર્ષે મુખ્ય ફાળો આચાર્યશ્રી વિજય કસ્તુરસૂરિજી, ઉપાધ્યાય અમરમુનિ, પંન્યાસશ્રી પૂર્ણાનન્દવિજયજી, મુનિશ્રી યશોવિજયજી, મુનિ પ્રદ્યુમ્નવિજયજી, સાધ્વીશ્રી ઓંકારશ્રીજી, સાધ્વીશ્રી સુલોચનાજી, પૂ. લીલાવતીબાઇ મહાસતીજી, શ્રી હીરાલાલ ર. કાપડિયા, ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા, શ્રી મનસુખલાલભાઈ તારાચંદ મહેતા, પં. લાલચંદ્ર ગાંધી, શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ, શ્રી ચીમનલાલ ચકુભાઇ, શ્રી વલ્લભદાસ નેણસીભાઈ, અમરચંદ નાહટા, રતિલાલ માણેકચંદ, શાંતિલાલ કે. મહેતા, ઝવેરભાઇ શેઠ, ડૉ. ભાઈલાલ બાવીશી, જગજીવન દેશાઈ, ભારતી મહેતા, ભાનુમતીબેન દલાલ, કલાવતીબેન વોરા, વિમલા ઠાકર, કુ. જસ્મીના કનાડીયા અને નલિની મહેતાનો છે. આ ઉપરાંત મહાઉપાધ્યાયશ્રી યશોવિજયજીનું પંડિત બેચરદાસ સંપાદિત એક કાવ્ય, સ્વ. મણિલાલ પાદરાકર અને ઝવેરી મુલચંદ (વૈરાટી)ના કાવ્યો પણ આપવામાં આવેલ છે. કેટલાક લેખોનો અનુવાદ ડૉ. બાલકૃષ્ણ ધ્રુવ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભારતી મહેતા અને અરુણા કનાડીયાએ કરી આપેલ છે. આ સૌ મહાનુભાવોનો આ પ્રસંગે અમે આભાર માનીએ છીએ અને ચાલુ વરસમાં પણ તેઓનો સહકાર ભૂતકાળની માફક મળી રહેશે એવી આશા સેવીએ છીએ. નવા પ્રગટ થતા ગ્રંથો જે સભાને મોકલવામાં આવે છે તેની સમાલોચના લેવાનો સામાન્ય શિરસ્તો છે. આ કાર્ય સભા સાથે સંકળાયેલા અભ્યાસી અને ઉત્સાહી કાર્યકર શ્રી અનંતરાય જાદવજી શાહ સંભાળે છે જે માટે આ તકે અમે તેમનો પણ આભાર માનીએ છીએ.

સં. ૨૦૨૯ની સાલમાં સર્વશ્રી હરસુખલાલ ભાઇચંદ મહેતા, મનસુખલાલ હેમચંદ સંઘવી, ચંદુલાલ વનેચંદ શાહ, પોપટલાલ મગનલાલ શાહ, શેઠ કાંતિલાલ હરગોવિંદદાસ, શેઠ અમૃતલાલ કાલીદાસ, નગીનદાસ અમૃતલાલ શાહ અને ભાંખરીઆ પોપટલાલ નગીનદાસ આ સભા સાથે પેટ્રનો તરીકે જોડાયા છે. તદુપરાંત શ્રી પ્રવીણચંદ્ર જયંતીલાલ શાહ, ચીમનલાલ ખીમચંદભાઈ, જયંતીલાલ પોપટલાલ શાહ, શેઠ વિનયચંદ હરખચંદ, પોપટલાલ મણિલાલ પાદરાકર, મહેતા જીવનલાલ વીરચંદ, મહેતા વિનોદકુમાર જીવનલાલ તેમજ બોરીવલી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી તથા શ્રી કોટ તપગચ્છ મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ મુંબઇ આ સભાના આજીવન સભ્યો બની આ સભાના કાર્યને સહકાર અને ટેકો આપ્યો છે. આ સૌને આવકાર આપતાં અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ. અમને ખાતરી છે કે જે સહકાર અને સાથ જૈન સમાજમાંથી ભૂતકાળમાં પ્રાપ્ત થયો છે તેવોજ સાથ અને સહકાર અમને મળતો રહેશે.

ગત વર્ષ દરમ્યાન વડોદરા મુકામે તા. ૮-૧૦-૭૩ ના દિવસે દીર્ઘકાળ પર્યંત દીક્ષા પર્યાયી પંન્યાસશ્રી નેમવિજયજી મહારાજસાહેબના ૯૩ વર્ષની ઉંમરે થયેલા સ્વર્ગવાસની નોંધ લેતાં અમે ખેદ અનુભવીએ છીએ. આ સભા પ્રત્યે સદ્‌ગત પંન્યાસશ્રી અત્યંત લાગણી ધરાવતા. શાસનદેવ એમના આત્માને ચિરશાંતિ આપે એજ અભ્યર્થના.

ગત વર્ષમાં આપણી સભાના પેટ્રનો સર્વશ્રી લક્ષ્મીચંદ દુર્લભજી વોરા, ખાંતિલાલ અમરચંદ, ચંદુલાલ વર્ધમાન શાહ અને કપુરચંદ નેમચંદ મહેતાના થયેલા દુઃખદ અવસાનની નોંધ લેતાં અમે ખેદ અને ગ્લાનિ અનુભવીએ છીએ. વિદ્યાપ્રેમી સદ્‌ગત શ્રી. લક્ષ્મીચંદભાઈ ભાવનગરના વતની હતા. ભાવનગરમાં મહાવીર જૈન વિદ્યાલયની શાખા થઈ તે તેમના પ્રયત્નો અને મહેનતને આભારી છે તેઓ ઘણા વરસોથી ગોડીજી જૈનમંદિર અને ટ્રસ્ટ ખાતાઓનાં ટ્રસ્ટી હતા. શ્રી ખાંતિલાલભાઇ પણ ભાવનગરના વતની હતા. તેમના સદ્‌ગત પિતા વોરા અમરચંદ જશરાજના પગલે ચાલી શ્રી ખાંતિલાલભાઇએ ભાવનગરની ઘણી સામાજિક સંસ્થાઓમાં પોતાની સેવા આપેલી છે. ભાવનગર જૈનસંઘના તેઓ સેવાભાવી કાર્યકર હતા. તળાજા જૈનતીર્થના વિકાસમાં તેમનો સારો ફાળો છે. શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ મહાવીર જૈન વિદ્યાલયના એક ટ્રસ્ટી અને મંત્રી હતા. અને એ રીતે આ સંસ્થાની અપૂર્વ સેવા કરી છે. મહાન ઉદ્યોગપતિ હોવા ઉપરાંત તેઓ અનન્ય સામાજિક કાર્યકર હતા. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તેમજ યશોવિજયજી જૈન ગુરુકુળ-પાલીતાણાના તેઓ એક કુશળ મંત્રી હતા. દાનવીર શ્રી કપુરચંદભાઇ નેમચંદ મહેતા મૂળ વડાલ (સોરઠ)ના વતની હતા. તેઓ સામાન્ય સ્થિતિમાંથી એટલે કે શૂન્યમાંથી તેમણે સૃષ્ટિ જેવી રચના કરી કહેવાય. મહાવીર જૈન વિદ્યાલય, યુનાઇટેડ જૈન સ્ટુડન્ટસ હોમ, ચીંચવડ (પૂના)ની કેળવણી સંસ્થા તેમજ શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગમાં તેમણે કરેલા દાનની રકમ લાખોની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થવા જાય છે. મહાવીર જૈન વિદ્યાલય અને બીજી અનેક સંસ્થાઓના તેઓ ટ્રસ્ટી હતા. હુબલી નિવાસી આપણી સભાના પેટ્રન શેઠશ્રી જાદવજીભાઈ લખમશીનો ૭૩ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ થયો. મહુંમ શ્રી મોટા દાનવીર અને અનન્ય ધર્મપ્રેમી હતા. આ બધી વિશિષ્ઠ વ્યક્તિઓના સ્વર્ગવાસથી ખાસ કરીને જૈન સમાજ અને જ્ઞાતિઓને તેઓની મોટી ખોટ પડી છે. શાસનદેવ તેઓના આત્માને ચિર શાંતિ આપે

આ સભાના આજીવન સભ્યો પૈકી સર્વશ્રી જયંતીલાલ વિઠ્ઠલદાસ કાંટાવાળા, શાહ મનસુખલાલ હરિચંદ, ગાંધી અભેચંદ ભગવાનદાસ, શાહ કાંતિલાલ મૂળચંદ, નાગરદાસ પ્રેમજીભાઇ, જમનાદાસ જેચંદભાઈ, શાહ ચીમનલાલ દેવચંદ અને આ સભાના માજી સ્વર્ગસ્થ પ્રમુખ શ્રી. મૂળચંદ નથુભાઇના પુત્ર ગુલાબચંદભાઈ–જેઓ પણ આજીવન સભ્ય હતા–ગતવર્ષમાં સ્વર્ગવાસ પામ્યાં. આ સૌ આત્માને શાસનદેવ ચિરશાંતિ આપે એવી અમારી નમ્ર પ્રાર્થના.

જૈન સમાજના અગ્રગણ્ય અને સેવાભાવી સદ્‌ગત શેઠશ્રી કાંતિલાલ ઇશ્વરલાલના યુવાન પુત્રશ્રી. વસંતલાલનું ગત વર્ષમાં અકાળે અવસાન થયું તેની નોંધ લેતાં અમને અત્યંત ખેદ થાય છે. ભાઈ વસંતલાલ એક મહાન ચિંતક અને લેખક હતા. માત્ર ૪૭ વર્ષની વયમાં તેમણે પાંત્રીસથી પણ વધુ વિદ્વત્તાભર્યા આત્માને સ્પર્શ કરે તેવા ગ્રંથો લખ્યા છે. સેવાભાવી અને કર્તવ્ય પરાયણ ડો. કે. એમ. ભણશાલીનુ ગતવર્ષમાં એકાએક અવસાન થયું. આપણા અનેક મુનિમહારાજોની તેમણે અનન્ય શ્રદ્ધા અને ભક્તિપૂર્વક અપૂર્વ સેવા કરી છે. આ બંને પુણ્યાત્માઓને અમે ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ અને ચિરશાંતિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અંગે ગયા વરસના આ વિભાગમાં ઇચ્છા પ્રદર્શિત કરતાં અમે લખેલું કે "ભૂતકાળની ભૂલોમાંથી કોન્ફરન્સના મોવડીઓ બોધપાઠ લે અને મૃતપ્રાય બની ગયેલી કોન્ફરન્સની પ્રતિષ્ઠા અને કીર્તિ પાછા પ્રાપ્ત કરવા કટિબદ્ધ બને. નિષ્ફળતાઓ તો વિજયના સ્તંભરૂપ બની શકે છે." અમને જણાવતા હર્ષ થાય છે કે હવે કોન્ફરન્સ સફળતાના પંથે પ્રયાણ કરવા માંડી છે. તેમાં શ્રી વાડીલાલ ચત્રભુજનો ઉત્સાહ ધ્યાન ખેંચે તેવો છે. કોન્ફરન્સનું મુલતવી રહેલું ૨૩ મું અમૃત અધિવેશન, શ્રી સિદ્ધગિરિની શીતળ છાયામાં પાલીતાણા મુકામે તા. ૨૪–૨૫ માર્ચ ૧૯૭૩ ના સફળતા પૂર્વક મળી ગયું. કોન્ફરન્સને આચાર્ય વિજયનંદનસૂરિજીના આશીર્વાદ સાંપડ્યા છે, એ વાત ભારે ગૌરવ લેવા જેવી છે. કોન્ફરન્સના નવા વરાયેલા પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડી જૈન સમાજની નાડ સારી રીતે સમજે છે. તેમની તથા ઉત્સાહી યુવાન અને કાર્યકુશળ મંત્રી શ્રી. જયંતભાઈ માવજીભાઈ શાહની રાહબરી નીચે આ સંસ્થા જૈન સમાજની દિન પ્રતિદિન વધુ ને વધુ સેવા કરવા ભાગ્યશાળી બને એવી શુભેચ્છા પાઠવીએ છીએ. અલબત્ત, તેમના આ કાર્યની સફળતામાં સમગ્ર જૈન સમાજનો ટેકો, સાથ અને સહકાર હોવા જરૂરી છે.

શ્રી યશોવિજયજી જૈન ગ્રન્થમાળા ભાવનગર દ્વારા જૈન ધર્મના સિદ્ધાંતના સંસ્કૃત, પ્રાકૃત અને અંગ્રેજી ભાષાના અનેક પુસ્તકો પ્રગટ કરાવી દેશ પરદેશમાં તેનો મોટો પ્રચાર કરાવ્યો હતો, તેવા સદ્‌ગત મહાન આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની એકાવનમી સ્વર્ગારોહણ તિથિ દરેક વરસની માફક આ વરસે પણ આચાર્ય શ્રી મેરૂસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઉજવવામાં આવી હતી. એ પ્રસંગે પંડિત શ્રી સીતારામભાઇએ સ્વર્ગસ્થ આચાર્ય મહારાજશ્રીના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવન અંગે રોચક અને તલસ્પર્શી ભાષામાં વિવેચન કર્યું હતું. આચાર્ય શ્રી મેરૂસૂરીશ્વરજીએ પણ સદ્દગત આચાર્યશ્રીના જીવન અંગે પ્રેરક પ્રકાશ પાડ્યો હતો. આ સંસ્થાના પ્રમુખ શ્રી. ગુલાબચંદ લલ્લુભાઈએ આભાર વિધિ કરી પ્રાસંગિક વિવેચન કર્યું હતું.

આપણી સભાના ઉપપ્રમુખ સ્વ. શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈના સુપુત્ર શ્રી. હિંમતલાલભાઈએ તેમના સ્વર્ગસ્થ પિતાની જન્મ તિથિ આસો સુદિ ૧૦ ના દિને પૂજા ભણાવવા અર્થે સારી એવી રકમ આપેલી છે. આ દિવસની યાદમાં તેમજ તે દિવસ આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ હોય તે નિમિત્તે, જૈન આત્માનંદ સભાના લાયબ્રેરી હોલમાં પંચ-પરમેષ્ઠીની પૂજા ભણાવવામાં આવી હતી તેમજ પ્રભાવના પણ કરવામાં આવી હતી.

આ સભાની સાથે આપણા મહાન સ્વર્ગસ્થ આચાર્યશ્રી આત્મારામજી મહારાજ (આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજી)નું નામ જોડાયેલું છે. દરેક વરસે તેમનો જન્મ દિવસ ઉજવવા અર્થે રાધનપુર નિવાસી શેઠશ્રી સક્કરચંદભાઈ મોતિલાલ મુલજી તરફથી સભાને સારી એવી આર્થિક સહાય પ્રાપ્ત થયેલી છે. તદનુંસાર આ શુભ દિવસે એટલે કે સં. ૨૦૨૯ના ચૈત્ર શુદિ ૧ બુધવારના દિવસથી શેત્રુંજય તીર્થમાં આદિનાથ ભગવાનની મોટી ટુંકમાં નવાણું પ્રકારની પૂજા સભા તરફથી ભણાવવામાં આવી હતી તેમજ સભાના સભ્યોનું બપોરના પ્રીતિભોજન ગોઠવવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે આપણા પૂ. સાધુ–સાધ્વીજીઓની ભક્તિનો પણ સારો લાભ મળ્યો હતો.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટી અને મંત્રી શ્રી. જયંતીલાલ રતનચંદ શાહની રાહબરી નીચે સંસ્થાના પ્રચાર કાર્ય અર્થે એક પ્રતિનિધિ મંડળ ગત વર્ષે અમેરિકા ગયું હતું. મહાવીર જૈન વિદ્યાલયમાં અભ્યાસ કરી જનાર આપણા ઘણા બન્ધુઓ અત્યંત સુખી સ્થિતિમાં હાલમાં અમેરિકામાં વસે છે. આ બધા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સારો સહકાર પ્રાપ્ત કરવા આ પ્રતિનિધિ મંડળ સફળ થયું હતું અને અમેરિકામાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય વેલફેર એસોસિએશનની સ્થાપના પણ કરવામાં આવી હતી. આવા સ્તુત્ય પ્રયાસથી પ્રતિનિધિ મંડળ રૂા. ૧,૪૦,૦૦૦ ની રકમ એકઠી કરવામાં સફળ થયું હતું. પ્રસ્તુત એસોસિએશનના કન્વીનરો તરીકે શ્રી અરવિંદભાઈ આશાભાઈ શાહ અને આ સભાના ઉપપ્રમુખ સ્વ. શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈના પૌત્ર શ્રી. અજીત હિંમતલાલ શાહને નિયુક્ત કરવામાં આવેલા છે.

જૈન આત્માનંદ સભાના વિદ્વાન વયોવૃદ્ધ પ્રમુખ શ્રી. ખીમચંદભાઈ ચાંપશી ગત વરસમાં એકાએક ભારે માંદગીમાં સપડાઈ ગયા હતા. તેમની ઉપર બહુ તીવ્ર નહિ એવા લકવાના દર્દનો હુમલો થયો હતો, પરંતુ તાત્કાલિક ચાંપતા ઈલાજો અને કાળજીપૂર્વક ડોકટરી સારવારના કારણે તેઓશ્રીની તબિયત હવે સારી રીતે સુધારા પર છે. આ સભાને તેમજ ભાવનગરના જૈન સંઘને એમના સલાહ સૂચનો તેમજ માર્ગ દર્શનની અત્યંત આવશ્યકતા છે. પરમ કૃપાળુ શાસનદેવને તેઓ જલદીથી પહેલાંની માફક તન્દુરસ્તી પ્રાપ્ત કરે એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

ભગવાન મહાવીરના નિર્વાણની પચીસમી શતાબ્દી ઉજવવાની એકબાજુથી રાષ્ટ્રીય ધોરણે મોટાપાયા પર તૈયારી ચાલી રહી છે, ત્યારે બીજી બાજુથી શ્વેતાંબર સંપ્રદાયનો અમુક સાધુવર્ગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોરશોરથી તેના વિરોધનો પ્રચાર કરી રહ્યો છે. આચાર્ય વિજયનંદનસૂરિજીએ પણ સ્પષ્ટ રીતે જાહેર કરી દીધું છે કે "શ્રમણ ભગવાનશ્રી મહાવીરસ્વામીના ૨૫૦૦ મા નિર્વાણ કલ્યાણકની રાષ્ટ્રીય ધોરણની ઉજવણીમાં અમારો વિરોધ નથી. વિરોધ કરવો, એ પણ ડહાપણભર્યું કામ નથી. તેમ-વિરોધ કરવો તે ભવિષ્યમાં શ્રી જૈન સંઘને તથા જૈન તીર્થોને નુકશાન કારક છે, એમ અમારૂં માનવું છે."[1] વિરોધ કરનાર મુનિઓ મર્યાદામાં રહી વિરોધ કરતા હોય તો તેની વિરુદ્ધ અમારે કશી ફરિયાદ કરવાની ન હોય, કારણ કે દરેકને પોતપોતાનું મંતવ્ય સ્પષ્ટ કરવાનો હક્ક અને અધિકાર છે. પરંતુ મુનિશ્રી ચંદ્રશેખરજીએ તો આ વિરોધ કાર્ય યુદ્ધના ધોરણે શરૂ કર્યું છે તેમ જણાવતા અમને ભારે દુઃખ થાય છે. જીવનમાં મતભેદ અને સંઘર્ષને અવકાશ છે. પણ મનની સમતુલા ગુમાવવી એ જ્ઞાની માટે યોગ્ય નથી.

ગયા વરસે આજ કોલમમાં સ્વર્ગસ્થ આચાર્ય વિજયલક્ષ્મણ સૂરીશ્વરજીના સબ્દોમાં કહ્યું હતું કે "આજે આપણો શ્રમણસંઘ છિન્નભિન્ન થઈ ગયો છે. એક એકના મન બદલાઈ ગયાં છે. સૌના દિલ જુદાં છે, એને લઇને સંગઠન તૂટી ગયું છે. એટલે કોઇ પણ કાર્ય આપણે સંકલના પૂર્વક નથી કરી શકતા. આજે ધર્મના માર્ગે પ્રતિવર્ષે લાખો રૂપિયાનો વ્યય થાય છે. નિંદા, ટીકા અને ઇર્ષ્યા એ ભયંકર દુર્ગુણોએ શાસનના અંગને ફોલી ખાધું છે. ૪૦-૫૦ વર્ષ પૂર્વે સાધુ પ્રત્યે જે પ્રેમ સદ્ભાવ હતો તે આજે નથી. પરસ્પરની ખોદણી અને પરસ્પરના મતભેદો, એને લઇને આજે ભયંકર દુર્દશા જોઈ રહ્યા છીએ." પરંતુ આ લખાયા પછી તો પરિસ્થિતિ ભારે વિષમ બની ગઈ છે. ભારતના માજી રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને જૈન શાસનને ઉદ્દેશી કહ્યું છે કે "જૈનશાસન, સત્ય અને અહિંસાના મહાન સિદ્ધાંતો પર ભાર મૂકે છે. સત્ય અને અહિંસા વિશે ચર્ચા કરવી બહુ સરળ છે, પરંતુ એને જીવનમાં, વ્યવહારમાં ઉતારવા અત્યંત મુશ્કેલ છે. મહાન જૈનાચાર્યોએ ઉપદેશ આપ્યો છે કે, દર્શન અને જ્ઞાન ઉપરાંત ચારિત્ર પણ આવશ્યક છે. બૌધિક વાદવિવાદ કરતાં અનેકગણી વધારે મહત્ત્વની વાત, સંસારમાં આપણો વ્યવહાર છે. જ્યારે આપણે આપણી પ્રકૃતિ દોષો સાથે સફળતા પૂર્વક સંઘર્ષ કરી શકીએ ત્યારે જ સદાચરણ સંભવિત થશે. આજકાલ આપણે લોકો ક્રોધ-દ્વેષ વગેરેની મૂર્તિ બની ગયા છીએ. ક્રોધમાં આંધળા બનીને આપણે હિંસાત્મક ભાષાનો ખુલ્લો પ્રયોગ કરીએ છીએ. જ્યારે આ બધું કરીને આપણે જીવનમાં હિંસા અને અસત્યને પ્રકટ કરી રહ્યા છીએ, તો પછી સત્ય અને અહિંસાની ચર્ચા કરવાથી શું લાભ?"

તિથિચર્ચાના ઝઘડાને પરિણામે તેમજ ભગવાન મહાવીરની પચીસોમી નિર્વાણ જયંતીની રાષ્ટ્રીય ધોરણે ઉજવવાની થતી તૈયારીના કારણે, જૈન શ્વેતાંબર સંપ્રદાયમાં બે ભાગલા પડી ગયા છે. એ આપણું મહાન કમનશીબ છે કે આપણી શ્રમણ સંસ્થામાં પણ એકતા ન જળવાતા સ્પષ્ટ રીતે બે પક્ષો પડી ગયા છે. એક પક્ષ તરફેણમાં અને બીજો પક્ષ વિરોધમાં. ગટરની ગંદકી અને દુર્ગંધને મજબૂત લોખંડના ઢાંકણથી દાબી શકાય છે, પણ સમાજમાં પ્રવર્તી રહેલા ઝેર, વેર, ઇર્ષ્યા, નિંદા, ચાડીચુગલી અને કૂથલીને દાબડદીબડ રાખી શકાતા નથી રોગનું પ્રમાણ વધે એટલે તેની અસર જેમ શરીર પર દેખાયા વિના પણ ન રહે, તેમ સમાજમાં આવા બધા દુર્ગુણો વધે ત્યારે તે પ્રકાશમાં આવ્યા વિના પણ ન રહી શકે. ભળતાજ નામો અને બોગસ સંસ્થાના નામે આપણી પૂજ્ય

---

૧ 'જૈન' સાપ્તાહિક તા. ૬-૧૦-૭૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રમણ સંસ્થા સામે તદ્દન ખોટા અને કલ્પનાના આક્ષેપો કરતી અત્યંત બીભત્સ, ગંદી અને ગલીચ ભાષામાં પત્રિકાઓ બહાર પડવી શરૂ થઈ છે. આપણા સચ્ચરિત સાધુઓ ઉપરાંત આપણી નિષ્કલંક અને ચારિત્રશીલ સાધ્વીઓને પણ કાદવ ઉડાડવામાં આ પત્રિકાના ઘડવૈયાઓએ કશું બાકી રાખ્યું નથી. કોળી, વાઘરી કે ચમાર કુળમાં ઉત્પન્ન થયો હોય એવો માણસ પણ આ માર્ગે જતાં શરમ અનુભવે, ત્યારે જૈનકુળમાં જન્મ લેનારો આવું હીચકારું કૃત્ય કરે ત્યારે તો એમ જ થાય કે શું આ છઠ્ઠો આરો શરૂ તો નથી થઈ ગયોને!


ભગવાન શ્રી મહાવીર દેવના આપણે સૌ અનુયાયીઓ છીએ, અને આપણે સૌ એમ તો જરૂર ઇચ્છીએ જ છીએ કે આપણા દેવ અને ધર્મને શોભે એ રીતે પચીસમી નિર્વાણ શતાબ્દી ઉજવાય. એ ઉજવવાની નીતિ રીતિ ભલે ભિન્ન હોય, પણ ઉજવાવી તો જોઇએ એમ સૌ કોઇ ઇચ્છે છે. એક પક્ષ રાષ્ટ્રીય ધોરણે આ નિર્વાણ મહોત્સવ ઉજવવા માગે તો ભલે તેમ કરે, તેઓનો ઉદ્દેશ અને આશય તો સ્પષ્ટ અને શુદ્ધ જ છે. બીજો પક્ષ ભગવાને ફરમાવેલા નિર્વાણ માર્ગને અનુરૂપ રીતે ઉજવવા ઇચ્છે તો તેઓ પણ તેમ કરી શકે, કારણ કે તેમના ધ્યેય અને આશય તો શુદ્ધ અને નિર્મળ જ છે. કોઇને મન દુઃખનું કારણ કયાં રહ્યું? આપણે સૌ એક જ શાસનના અનુયાયીઓ છીએ, આપણા માર્ગ ભલે જુદા હોય પણ ધ્યેય તો એક જ છે. સમગ્ર ચતુર્વિધ સંઘને અમારી નમ્ર પ્રાર્થના છે કે આ શુભ પવિત્ર અને અપ્રાપ્ય પ્રસંગને એવી રીતે ઉજવીએ કે જેથી આપણા સમાજની શોભામાં વધારો થાય અને આપસ આપસમાં પ્રેમ ભાવ વધે. આ નિર્વાણ ઉજવણીનો પ્રસંગ આપણી અંદરો અંદર વિખવાદ કે કલેશનું કારણ બનશે, તો આપણી ભાવિ પ્રજા ચોક્કસ કહેવાની કે આપણામાં ભગવાન મહાવીરના સાચા ઉપાસક બનવાની લાયકાત જ નહોતી.

પ્રસ્તુત મંગળ વિધાનમાં ગત વરસમાં બનેલી મહત્ત્વની બાબતો અંગે તટસ્થપણે અમે સમીક્ષા કરવા પ્રયત્નો કર્યા છે. આમ કરવામાં કોઇના આત્માને જરા પણ રંજ થાય તેવું કરવાનો અમારો આશય નથી છતાં જે સ્ખલના થવા પામી હોય તે માટે મિચ્છામિ દુક્કડં. અંતમાં અમે પ્રાર્થના કરીએ છીએ કે :—

शिवमस्तु सर्वजगतः पर-हित-निरता भवन्तु भुतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवन्तु लोकाः ॥

મુંબઈ તા. ૧૦-૧૧-૭૩

મનસુખલાલ તારાચંદ મહેતા





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધના અને વાસના

લે. મનસુખલાલ તારાચંદ મહેતા

તથાગત પોતાના શિષ્યો સાથે એ વખતે શ્રાવસ્તિમાં આવી ત્યાંના જેતવનમાં રહ્યા હતા. એ વખતે ત્યાંની રાજનર્તિકી સુજાતાનું નામ બહુ પ્રસિદ્ધ હતું. રાજસભામાં જ્યારે કોઇ વખતે નૃત્ય અર્થે આવતી ત્યારે વિદ્યુતની જેમ ઝળકી ઊઠતી. તેના પ્રાસાદના એક ભાગમાં નૃત્યાલય હતું, જ્યાં તેનો નૃત્ય સમારંભ જોવા સો સો કર્ષાપણ આપી લોકો દોડી જતાં. તથાગતના સહવાસમાં આવ્યા પછી સુજાતાના જીવનમાં ભારે પરિવર્તન થયું. રૂપ, કલા, યૌવન, કીર્તિ, સંપત્તિ, જીવન બધું ક્ષણિક અને નાશવંત છે. સ્ત્રીની શોભા તેના રૂપ, યૌવન અને ધનમાં નથી, પણ દેહ અને આત્માનું સાચું સૌન્દર્ય તો શીલ અને સચ્ચરિતથી દીપી ઊઠે છે, એ વાત સુજાતાના મનમાં ઠચી ગઇ. પછી તો ધીમે ધીમે તે ત્યાગ અને ભક્તિના માર્ગે વળી. ભોગો પરથી તેનું મન ઊઠી ગયું અને નૃત્યાલયની જગ્યા શ્રમણ વિહારમાં ફેરવઈ ગઈ. બૌદ્ધ ભિક્ષુઓને ત્યાં દરરોજ ભિક્ષા મળતી. નજીકમાં જ એક રુગ્ણાલયની વ્યવસ્થા કરવામાં આવી હતી. બીમાર ભિક્ષુઓને ત્યાં તમામ પ્રકારની વૈદકિય સારવાર મળતી.

ભિક્ષાગૃહ માટે અલાયદા રસોડાની વ્યવસ્થા કરી હતી અને ભિક્ષા અર્થે ભિક્ષુઓને જરુરી એવા તમામ ખાદ્યપદાર્થો સુજાતા પોતાના હાથે પાતરામાં આપતી. ભિક્ષુની ઇચ્છા હોય કે ન હોય પણ તેનું પાત્ર સુજાતા પ્રેમપૂર્વક ભરી દેતી. તેની આવી વૈયાવચ્ચથી ચારે બાજુ તેની પ્રશંસા થઈ રહી હતી.

પાંત્રીસ વર્ષની તેની વય હોવા છતાં શરીરને એવી ઉત્તમ રીતે જાળવી રાખ્યું હતું કે જોનારને તે બાવીસ વર્ષની યુવતી જેવી લાગે. વાસના જીવનને કલુષિત બનાવે છે તે વાત સમજાયા પછી તેના જીવનનું ક્ષેત્ર સંયમ અને નિયમ બની ગયા હતા. દરરોજ પ્રાતઃકાળે ત્રણ કલાક સુધી તે ધ્યાનમાં બેસતી અને દિવસનો મોટો ભાગ ભિક્ષુણીઓની વૈયાવચ્ચમાં પરોવાયેલી રહેતી. જીવનની ઉત્કૃષ્ટતા વાસના સામે યુદ્ધ કરી તેને જીતી લેવામાં છે, એ વાત મનમાં ઠચી જતાં આપોઆપ તે સંયમી, ત્યાગી અને સેવાભાવી બની ગઇ. ધનનો તો તેની પાસે કોઇ ટોટો ન હતો. તથાગતની પરમ ઉપાસિકા તરીકે તેની એટલી બધી ખ્યાતિ પ્રસરી ગઇ કે શ્રાવસ્તિમાં આવેલ કોઇપણ બૌદ્ધભિક્ષુ ભાગ્યે જ તેની વૈયાવચ્ચનો લાભ લીધા વિના રહેતો.

તથાગત જે શ્રમણવિહારમાં રહેલા તેનાથી સુજાતાનું નિવાસસ્થાન દોઢ બે માઇલ દૂર હતું. તથાગતના અનેક ભિક્ષુઓમાં કેટલાક શિષ્યો નવા હતા, જેમાંનો તિષ્ય પણ એક હતો. પરિવ્રજ્યા લીધા પછી તે પ્રથમવાર શ્રાવસ્તિમાં આવેલો હતો. એક દિવસે તેની સાથેના ભિક્ષુઓ પાસેથી સુજાતાની વૈયાવચ્ચની વાત તેના સાંભળવામાં આવી. સુજાતાને ત્યાંથી ભિક્ષા લઈ આવનાર એક ભિક્ષુએ તિષ્યને કહ્યું; "દેવી સુજાતાના હાથે ભિક્ષા લેવાનો આનંદ કોઇ અનેરો છે. તેની વસ્તુઓનો સ્વાદ તો જીવનભરમાં ભૂલી શકાય તેવું નથી." સુજાતાનું વર્ણન કરતાં તેણે કહ્યું: "દેવી સુજાતાના મુખ પર અપૂર્વ શાંતિ પથરાયેલી છે. આભૂષણોનો તેણે સદંતર ત્યાગ કરી દીધો છે. દેહ પર એક શ્વેત સાડી. ચંચળતાનું નામ નિશાન પણ નહીં. તેના મુખ પર પવિત્રતા અને નિર્મળતાની એવી તો આભા ઝળકી રહી છે કે માતાને જોતાં પુત્રનું મસ્તક જેમ આપોઆપ નમી પડે, તેમ તેના હાથેથી ભિક્ષા લેતાં આપણને લાગે કે આપણું જીવન ધન્ય બની ગયું. પાતરામાં પરાણે એક પછી એક પદાર્થો સુજાતા આપતા જ જાય ત્યારે એવા તો મધુર શબ્દો બોલે કે જીવનભર જાણે એ સાંભળતાં જ રહીએ. એના શબ્દોનું માધુર્ય અને મોં પરના ભાવોમાં એક અદ્ભુત આકર્ષણ છે. ભક્ત સ્ત્રીઓ તો અનેક છે પણ તે સૌમાં સુજાતા તો અજોડ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભિક્ષુની વાત તિષ્ય એકચિત્તે અત્યંત રસપૂર્વક સાંભળી રહ્યો હતો. તે યુવાન અને રૂપાળો હતો તેનું શરીર સુંદર અને સૌષ્ઠવપૂર્ણ હતું. સંસારમાં પ્રેમભગ્ન થઇ તેણે ભિક્ષુનો માર્ગ ગ્રહણ કર્યો હતો સંસારના ભોગોથી અલિપ્ત થયો હોવા છતાં વાસના અને વિકારથી તેનું મન ક્ષુબ્ધ રહેતું. દુઃખ, આઘાત અને વેદનાને જીવનમાં તે પચાવી ન શકયો અને તેનો વૈરાગ્ય પણ પ્રેમભગ્નના પ્રત્યાઘાત રૂપે હતો. સાત વાનની સુખડી પડી હશે, તો પણ તેની પર ધ્યાન ન જતા કાકનું ધ્યાન ત્યાં પડેલા શ્લેષ્મ પર જશે. એ રીતે પેલા ભિક્ષુની વાત સાંભળી તિષ્યે તેને પૂછ્યું: 'ભદંત! સુજાતાની વય વિષે તો આપે કશું કહ્યું જ નહીં. એક નર્તિકાનું એકાએક આવી રીતે રૂપાંતર થઇ જાય એ તમને ભલા અસ્વાભાવિક નથી લાગતું?'

ભિક્ષુએ કહ્યું: 'તિષ્ય! દેવી સુજાતા આમ દેખાવમાં તો પચીસ વર્ષ જેવી યુવતી લાગે, પણ તેની ઉંમર તો પાંત્રીસ વર્ષની છે. ભોગ, વૈભવ અને રિદ્ધિ સિદ્ધિની બધી મજા તો તેણે માણી લીધી છે, પણ તેથી કોઇ જીવને કદી તૃપ્તિ થઈ છે? કહેવાય છે કે તથાગતે આ વાત તેને સમજાવી અને તેના હૈયે બેસી ગઇ. ભોગોને અંતે તો ભોગો ભોગવનારને સમજાતું જ હોય છે કે ભોગો ભોગવવાને બદલે ભોગોએ તેનો જ ભોગ લઈ લીધો. પછી ત્યાગના માર્ગે તો સહુ વળે, પણ એ બધું તો રાંડ્યા પછીના ડહાપણ જેવું ને? સુજાતાએ તો ભરયૌવન અવસ્થામાં પ્રાપ્ત થયેલા ભોગોને પણ ત્યજી દઇ ત્યાગનો સાચો માર્ગ પકડી લીધો!

તે રાતે તિષ્યને નિદ્રા ન આવી. તેની કલ્પના પ્રમાણે સ્વપ્નમાં તેને સુજાતાના અવનવા સ્વરૂપો દેખાયા જ કર્યા. ભિક્ષુસંઘમાં શિરસ્તો એવો હતો કે તથાગત જે ભિક્ષુને આજ્ઞા કરે તે જ ભિક્ષુ સુજાતાના ભિક્ષુગૃહમાં ભિક્ષા લેવા જઇ શકતો. બીજા દિવસે નમતા પહોરે તિષ્યે તથાગત સમક્ષ જઇ વંદન કરી પૂછ્યું: 'ભદંત! દેવી સુજાતાના નિવાસસ્થાને આવતી કાલે ભિક્ષા લેવા હું જઇ શકું? મેં તેના સંબંધમાં વિસ્તૃત રીતે હમણાં જ સાંભળ્યું, એટલે થયું કે એ બધું નજરે પણ જોઇ લઉં!'

તથાગત પાસે આવી વિનંતિ કરવા ભાગ્યે જ કોઇ હિંમત કરતો. આ કદાચ પહેલો જ પ્રસંગ હતો. તથાગતને તિષ્યની વાત સાંભળી જરા આશ્ચર્ય થયું અને પછી એકાદ બે ક્ષણ તેની સામે જોઇ કહ્યું: 'તિષ્ય! કાલે તો નહિં પણ બે દિવસ પછી હું તને ત્યાં મોકલીશ.'

એ બે દિવસો તિષ્યને બે વર્ષ જેટલા લાંબા લાગ્યા. દિવસ અને રાત તેના મનમાં સુજાતાના દર્શનની જ વાત રમ્યા કરી. રાતે અર્ધ નિદ્રામાં પણ તેને સુજાતાના ભિન્ન ભિન્ન સ્વરૂપના જ દર્શન થયા કરે. કલ્પના કરે: એક વખત તો તે વિલાસિની હતી જ ને! મદિરાનો સ્વાદ લેનાર શું તેને કદાપિ સદંતર છોડી શકે છે? ત્યારે આ તો કામભોગોને ભોગવેલી એક માનુષી, એને અને ત્યાગને લાગેવળગે શું? તેને હજુ સુધી પોતે મુગ્ધ અને મોહિત બની જાય એવો કોઇ ફાંકડો ભિક્ષુ જ મળ્યો લાગતો નથી, જોજોને! મને જોશે કે તરત જ તેનું મન ચલિત થઇ જશે. પેલો ભિક્ષુ કહેતો હતો કે તેનામાં ચંચળતાનું નામ જ નહીં, પણ અરે! સ્ત્રી એટલે જ ચંચળતાનું સાક્ષાત્ મૂર્તસ્વરૂપ! સ્ત્રી અને ચંચળતા વિહીન–સૂર્ય અને તેજશૂન્ય–આવું તે કદી બનતું હશે?

ત્રીજા દિવસે શ્વેત વસ્ત્રો ધારણ કરી કેટલાએ સ્વપ્નો સાથે તિષ્ય સુજાતનો ત્યાં જવા માટે તૈયાર થઇ તથાગત પાસે આજ્ઞા લેવા ગયો, ત્યારે ત્યાં ભિક્ષુઓનું ટોળું જામ્યું હતું. ત્યાં તો તેને કોઇએ કહ્યું: 'હમણાં જ સમાચાર આવ્યા કે રાતના એકાએક સુજાતાના હૃદયમાં શૂળ ઉપડ્યું અને તે મૃત્યુ પામી. અરે! આપણા ભિક્ષુઓ માટે તો તે ખરેખર એક માતા સમાન હતી.'

તિષ્ય આ ખબર સાંભળી સ્તબ્ધ થઇ ગયો. તેના હૃદયને ધરતીકંપ જેવો આંચકો લાગ્યો. તેને થયું: હું કેવો કમનશીબ! મારા ભાગ્યમાં તો એના દર્શન કરવાનું પણ ન મળ્યું. તેના હૃદયમાં મૂંઝારો થવા લાગ્યો અને તેને અર્ધમૂર્છાવસ્થામાં તેની પાસેનો ભિક્ષુક નજીકના ઓરડામાં લઇ ગયો. ત્યાં તેના મોઢા પર પાણી છાંટયું, પીવા માટે ઠંડુ જળ આપ્યું અને તે કાંઇક હોશમાં આવ્યો. તથાગતે શ્રાવસ્તિ નરેશને કહી આજુબાજુના પ્રદેશમાંથી સંઘના ભિક્ષુઓ અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભિક્ષુણીઓ આવી, સુજાતાની સ્મશાનયાત્રામાં ભાગ લઇ શકે એ માટે અગ્નિસંસ્કારની વિધિ બે દિવસ મુલ્તવી રાખવાની વ્યવસ્થા કરાવી.

ત્રીજા દિવસે પાછલા પહોરે સુજાતાની સ્મશાન-યાત્રા શરૂ થઇ. શ્રાવસ્તિ આસપાસના અનેક ભિક્ષુઓ, ભિક્ષુણીઓ ત્યાં આવી પહોંચ્યા હતા. શ્રાવસ્તિના પ્રજાજનો સુજાતાના ભોગમય અને ત્યાગમય જીવનથી સુપરિચિત હોઈ લોકોના મોટા ભાગ પણ એ સ્મશાન-યાત્રામાં સામેલ હતો. સો સો કાર્ષાપણ આપીને પણ સુજાતાનું નૃત્ય જોવાનું શક્ય ન બનેલું, એવા પણ અનેક લોકો તેના અંતિમ દર્શનનો લાભ લેવા ત્યાં આવેલા હતા. માર્ગમાં અનેક સ્ત્રીપુરુષે એ શબને ફૂલહાર પહેરાવી તેનું સન્માન કર્યું. આમ વાજતે ગાજતે ધામ-ધૂમપૂર્વક સ્મશાનયાત્રા સ્મશાનભૂમિ પર જઈ પહોંચી.

સુજાતાના કોહાયેલા શરીરમાંથી દુર્ગંધ ફેલાઈ રહી હતી અને ફૂલી ગયેલા શરીરના કોઈ કોઈ ભાગમાં ખદબદતા કીડાઓ પણ નજરે પડતાં. સુખડના કાષ્ઠની ચિતા પર શબને ગોઠવતાં પહેલાં, તથાગતે શ્રાવસ્તિ નરેશને કહી સુજાતાના નિર્જીવ દેહને જોઇતો હોય તે એક હજાર કાર્ષાપણ આપી લઈ જાય એવી ઘોષણા કરાવી, પણ તેને લઈ જવા કોઈ તૈયાર ન થયું. હજાર પછી પાંચસો, પાંચસો પછી સો અને પછી એક કાર્ષાપણમાં તે દેહને લઇ જવાની કોઈએ તૈયારી ન બતાવી. એટલે છેલ્લે વગર મૂલ્યે મફતમાં લઈ જવા માટેની ઘોષણા થઈ, પણ કોણ તૈયાર થાય ? તે પછી સુજાતાના દેહને ભિક્ષુણીઓએ ઉપાડી ચિતા પર ગોઠવ્યો. એટલે તથાગતે ખાસ કરીને ભિક્ષુઓ અને ભિક્ષુણીઓને ઉદ્દેશી કહ્યું: "ભિક્ષુઓ ! સ્ત્રી પુરુષ પરિવ્રાજક બને એટલા માત્રથી કાંઈ તેમનામાંથી વાસનાનો કાંટો દૂર થઈ જતો નથી. સાધનાપથમાં કોઈ કટ્ટર શત્રુ હોય તો તે કામવાસના. પુરુષને સ્ત્રીનો દેહ અને રૂપ જેમ માર્ગથી ચ્યુત કરવામાં સફળ થાય છે, તે જ રીતે સ્ત્રીને પુરુષના દેહની બાબતમાં. નામ-રૂપ અને રૂપમય તમામ પદાર્થોમાં માત્ર ઉપરથી નહિં, પણ અંતરથી જે સર્વથા મમત્વ રહિત બની શકે, તે જ પોતાની સાધનાને શોભાવી શકે. રૂપનું કેવું ભયંકર પરિવર્તન થઈ શકે છે, તે સમજવા માટે સુજાતાનો દેહ અહિં પ્રત્યક્ષ પડેલો છે. માત્ર જેના દર્શન કરવા હજારો કાર્ષાપણ આપીને પણ લોકો તૈયાર થતાં, તે દેહને વગર મૂલ્યે પણ આજે સંગ્રહવા કોઈ તૈયાર નથી. પણ તમે કદાચ રૂપનો ગૂઢાર્થ નહિં સમજતાં હશો. 'રૂપ્પતિ'નો અર્થ જ 'વિકૃત' છે. રૂપ એ માટે કહેવાય છે કે તે વિકૃત થાય છે. શીત, ઉષ્ણ, ભૂખ, તરસ, ડાંસ અને મચ્છરનો ઉપદ્રવ, સાંપ, કીડાનો સ્પર્શ, આ પૈકી કોઈ પણ, રૂપને વિકૃતિમાં ફેરવી દે છે. એ વિકૃત થઇ જાય છે એટલે તો તેને 'રૂપ' કહેવાય છે. સ્ત્રી કે પુરુષના મૃત દેહની આવી હાલત એ અસ્વાભાવિક નથી, એ જ એનું સાચું દિગ્દર્શન છે. પ્રથમ વખત આવો મૃતદેહ જ્યારે મારી નજરે પડ્યો, ત્યારે જ સંસાર અને જીવનની કરુણતા અને ભીષણતાનું મને સાચું ભાન થયું. સ્મશાનભૂમિ જીવનને સાચી રીતે સમજવા માટેની મોટામાં મોટી નિશાળ છે. સુજાતા તો આપણા સૌની માતા સમાન હતી, એટલે તેની ચિતાને અગ્નિથી પેટાવવા હું આપણા ભિક્ષુ તિષ્યને આજ્ઞા કરું છું."

તથાગતની આજ્ઞા સાંભળી તિષ્ય ધ્રુજતાં ધ્રુજતાં ઊભો થઇ ધીમે પગલે ચિતા તરફ વળ્યો. બે દિવસ પહેલાં જેના માટે રંગબેરંગી કલ્પનાઓ કરી હતી, સ્વપ્નમાં જેના અવનવા સ્વરૂપો નિહાળ્યાં હતા, તે જ દેહને અગ્નિદાહ દેતાં તેનું સમગ્ર ચિત્તતંત્ર કંપી ઊઠયું. તેને થયું કે અરે ! ક્યાં મારી કલ્પનાની સુરમ્ય મૂર્તિ અને ક્યાં તેનું આ ભીષણ સ્વરૂપ ! ઓહ સૌન્દર્ય ! આજ શું તારું અંતિમ સ્વરૂપ !

સુખડના કાષ્ઠની ચિતામાંથી જ્વાળા પ્રગટી અને તિષ્યના ચક્ષુઓમાંથી અશ્રુનો ધોધ વહેવો શરૂ થયો. લોકોને થયું કે જ્વાળાના કારણે તિષ્યની આંખમાંથી પાણી વહી જાય છે પણ ના, તેમ ન હોતું એ અશ્રુઓ વાટે તો પશ્ચાત્તાપરૂપી અગ્નિથી તે પાવન થઇ રહ્યો હતો. સુખડના કાષ્ઠની માફક તેની વાસના પણ ભડભડ બળી રહી હતી. સ્મશાનભૂમિમાં આ રીતે તિષ્ય વાસનામાંથી સદા માટે મુક્ત બન્યો અને સાધનાના સાચા પંથે પડ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રાદ્ધ પ્રતિક્રમણનાં સૂત્રો: નામાન્તરો અને વિષયવૈવિધ્ય

## [લેખાંક ૨: સૂત્રો ૩૩-૪૭]

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ. એ.

૩૩. અબ્ભુટ્ઠિઓ=ગુરૂખામણા=ગુરૂક્ષમાપના.

દૈવસિદ્ધ અપરાધોની ક્ષમાર્થે અનુજ્ઞા, અપ્રીતિથી કે વિશેષ અપ્રીતિથી આહાર, જળ, વિનય, વૈયાવૃત્ય, આલાપ, સંલાપ, ઉચ્ચ અને સમાન આસન, વચ્ચે બોલવું અને વાત પૂરી થતાં તરત બોલવું એ દસ બાબતો અંગે જે અપરાધ થયો હોય તેનાં તેમજ વિનય રહિત સૂક્ષ્મ કે સ્થૂળ આચરણ થયું હોય તેનાં દુષ્કૃત્યો મિથ્યા થાઓ એવી યાચના.

આ મહત્ત્વનું વિનયસૂત્ર છે. 'વિનય' એ જૈન ધર્મનું મૂળ છે અને આર્ય સંસ્કૃતિનો પ્રાણ છે.

૩૪. આયરિય ઉવજ્ઝાએ=આયરિયાઇ ખામણા આચાર્યાદિ ક્ષમાપના. આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુળ અને ગણ પ્રત્યે કરાયેલ કષાયયુક્ત વર્તનની ત્રિવિધ ક્ષમા, તેમજ સમસ્ત ભગવાન [1]શ્રમણસંઘને મસ્તકે હાથ જોડી અને ધર્મમાં ચિત્ત સ્થાપી તેને ખમાવીને સમગ્ર જીવરાશિને ક્ષમા.

૩૫. સુયદેવયા થુઈ=શ્રુતદેવતા સ્તુતિ.

શ્રુતસાગરને વિષે ભક્તિ ધરાવનારના જ્ઞાનાવરણીય કર્મોના ક્ષય માટે ભગવતી શ્રુતદેવતાને પ્રાર્થના.[2]

૩૬. [3]ખિત્તદેવતા થુઇ=ક્ષેત્રદેવતા સ્તુતિ.

દર્શન, જ્ઞાન અને ચારિત્રથી યુક્ત સાધુઓ જે ક્ષેત્રમાં મોક્ષ માર્ગની સાધના કરે છે તેની અધિષ્ઠાયિકા ક્ષેત્રદેવતાને પાપો દૂર કરવા અભ્યર્થના.

૩૭. કમલદલ સ્તુતિ=શ્રુતદેવતા સ્તુતિ.

કમલાક્ષી, કમલમુખી, કમળના ગર્ભ જેવી શ્વેતવર્ણી અને કમળ પર રહેલી ભગવતી શ્રુતદેવતાને સિદ્ધિ માટે પ્રાર્થના.

૩૮. [1]નમોઽસ્તુ વર્ધમાનાય = વર્ધમાનસ્તુતિ.

કર્મ સાથે સ્પર્ધા કરી તેના ઉપર વિજય મેળવી મોક્ષે સંચરેલા અને કુતીર્થિકોને-મિથ્યાત્વીઓને પરોક્ષ એવા વર્ધમાનની-વીર પ્રભુની સ્તુતિ, જિનેશ્વરો ચરણો દેવનિર્મિત નવ કમળો ઉપર મૂકી ચાલે છે એ ચરણકમળોને દેવનિર્મિત કમળોએ જાણે એમ કહ્યું કે સરખાની સાથેનો સમાગમ પ્રશંસનીય છે. એ જિનેશ્વરો મોક્ષ માટે થાઓ એવી ભાવના. જિનેશ્વરના મુખરૂપ મેઘમાંથી પ્રકટ થયેલો વાણીનો સમૂહ કષાયરૂપ તાપથી પીડિત પ્રાણીઓને શુક્ર (જેઠ) માસમાં થયેલી (પહેલી) વૃષ્ટિની જેમ શાંતિદાયક છે. જો સમૂહ મને તુષ્ટકરો એવી ઇચ્છા.

દ્વિતીય પદ્યમાં "सदृशैः सङ्गमं प्रशस्यम्" રૂપ એક સુભાષિત છે.

૧. આના બે અર્થ સંભવે છે. (અ) શ્રમણોનો સંઘ અને (આ) શ્રમણોની પ્રધાનતાવાળો ચતુર્વિધ સંઘ.

૨. આવશ્યકની બૃહદ્ વૃત્તિમાં હરિભદ્રસૂરિએ શ્રુતદેવતાને વંદન કર્યું છે.

૩. "यस्याः क्षेत्र"થી શરૂ થતી ક્ષેત્રદેવતાની સ્તુતિ આગળ ઉપર અપાશે.

૧. સ્ત્રીઓ આ સૂત્રને બદલે 'સંસાર દાવાનલ' બોલે છે. આ ત્રણ પદ્યવાળી સ્તુતિ અનુક્રમે અનુપ્રાસ, ઉત્પ્રેક્ષા અને ઉપમા એ અલંકારથી અંકિત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૯. વિશાલ લોચનદલ = પ્રાભાતિક સ્તુતિ = પ્રાભાતિક વીર સ્તુતિ.

વિશાળ નેત્રરૂપ પત્રવાળું અને પ્રકાશતા દાંતના કિરણરૂપ [2]કેસરવાળું એવું વીર જિનેશ્વરનું મુખપદ્મ તમને પ્રભાતમાં પાવન કરો એવી ભાવના.

જેમનો અભિષેક કરી ઈન્દ્રો સ્વર્ગને પણ તૃણ સમાજ ગણે છે. તે તીર્થંકરો મોક્ષ માટે થાઓ એ અભિલાષા.

કલંકથી મુક્ત, પૂર્ણ, કુતર્કરૂપ સહુને ગ્રસનાર, સદા ઉદય પામેલ, અપૂર્વ તીર્થંકરોની વાણીથી નિર્મિત અને વિબુધો વડે વન્દિત એવા આગમરૂપ ચન્દ્રની પ્રાતઃકાળે [3]સ્તુતિ.

૪૦. અડ્ઢાઈજ્જેસુ = સાધુ વન્દન.

રજોહરણ, ગુચ્છક અને (કાષ્ઠ) પાત્રને ધારણ કરનારા, પાંચ મહાવ્રતોથી મંડિત, ૧૮૦૦૦ શીલાંગને ધારણ કરનારા તેમજ અખંડિત આચાર અને ચારિત્રવાળા એમ ચાર વિશેષણોથી યુક્ત એવા જેટલા મુનિઓ અઢીદ્વીપમાંની પંદર કર્મભૂમિમાં હોય તેમને ત્રિવિધ પ્રણામ.

૪૧. [1]વરકનક–સપ્તતિશત જિન વન્દન.

સુવર્ણ, શંખ, પરવાળાં, નીલમ અને મેઘ જેવા વર્ણવાળા, નિર્મોહ અને દેવોથી પૂજાયેલા [2]૧૭૦ તીર્થંકરોને વન્દન.

૪૨. લઘુશાન્તિ–શાન્તિસ્તવ.

[3]શાન્તિના સદનરૂપ, શાન્ત, અશિવથી–ઉપદ્રવોથી મુક્ત તેમજ સ્તુતિ કરનારની શાન્તિના નિમિત્તરૂપ એમ ચાર વિશેષણોથી યુક્ત શાન્તિનાથને વન્દન કરી શાન્તિ માટે મંત્રનાં પદો વડે શાન્તિનાથની સ્તુતિ કરવાની પ્રતિજ્ઞા પદ્ય ૨–૫ નામમન્ત્ર સ્તુતિરૂપ છે. એ દ્વારા શાન્તિનાથનાં વિશેષણો રજુ કરાયાં છે. જેમકે (૧) ૐકાર સ્વરૂપી, (૨) નિશ્ચિત વચનવાળા, (૩) ભગવાન, (૪) પૂજા માટે યોગ્ય–અર્હત્, (૫) વિજયવંત, (૬) યશસ્વી, (૭) યોગીશ્વર, (૮) સમસ્ત અતિશયોરૂપ મહાસંપત્તિથી યુક્ત, (૯) પ્રશસ્ત, (૧૦) ત્રિભુવનથી પૂજાયેલા, (૧૧) ઈન્દ્રો દ્વારા પૂજાયેલા, (૧૨) અજિત, (૧૩) વિશ્વના પાલનાર્થે તત્પર, (૧ ) સર્વદુરિતોના પાપોના નાશક, (૧૫) અશિવોના ઉપશમક અને (૧૬) દુષ્ટ ગ્રહાદિની સંહારક.

આ પૈકી પહેલા ૭ વિશેષણો દ્વિતીય પદ્યમાં છે, પછીનાં ત્રણ ત્રણ અનુક્રમે અને તૃતીય, ચતુર્થ અને પંચમ પદ્યોમાં છે. પ્રબોધ ટીકા (ભા. ૨, પૃ. ૪૭૮–૪૭૯)માં ઉપર્યુક્ત સોળ વિશેષણોને લક્ષ્યમાં લઈ સોળ નામ મંત્રો અપાયાં છે. અહીં એમ પણ કહ્યું છે કે દ્વિતીય પદ્યમાં નિમ્નલિખિત 'ષોડશી મન્ત્ર' છુપાયેલો છે:—

"ૐ भगवतेऽर्हते शान्तिजिनाय नमो नमः"

---

૨. ફૂલની અંદર વચ્ચે ઊગતો સુગંધીદાર રેસો = તંતુ = તાંતણો.

૩. આ ત્રણ પદ્યની સ્તુતિ છંદની બાબતમાં વર્ધમાન સ્તુતિ સાથે સર્વથા સામ્ય ધરાવે છે એ રૂપક, અનુપ્રાસ અને વ્યતિરેક અલંકારોથી અનુક્રમે યુક્ત છે.

૧. આ પાંસઠિયા મન્ત્રથી અલંકૃત તિજયપહુત્ત થોતની ૧૧મી ગાથાની સંસ્કૃત છાયારૂપ છે.

૨. અજિતનાથના સમયમાં સમકાળે આટલા તીર્થંકરો હતા. આ તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા છે.

૩. 'શાન્તિ નિશાન્ત'ના અર્થ ઉપરાંત શાન્તિ દેવીના આશ્રયરૂપ એવો અર્થ પ્રબોધટીકા (ભા. ૨, પૃ. ૪૬૩)માં કરાયો છે. અહીં એ દેવીને શાન્તિનાથની શાસનદેવી કહી છે તેમજ એ દેવી પોતાની બે મૂર્તિઓ બનાવી અમારા (વિજયા અને જયાના) મિષથી તેમને વંદન કરે છે એ મતલબનું માનદેવસૂરિ પ્રબન્ધગત ૬૬મું પદ્ય આપ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નામ મંત્રની પ્રધાનતાવાળા વાકય પ્રયોગોથી તુષ્ટ કરાયેલી અને હવે પછી સીવાયેલી વિજયા-દેવીનો લોકોનું કલ્યાણ કરનાર તરીકે નિર્દેશ.

શ્લો. ૭–૧૩નો વિજયા-જયા-નવ-રત્ન-માલાના પ્રથમ વિભાગ તરીકે પ્રબોધટીકા (ભા. ૧, પૃ. ૪૫૬) માં ઉલ્લેખ છે. એ દ્વારા ઉપર્યુક્ત દેવીનાં ૨૪ વિશેષણો–નામો રજૂ કરાયાં છે. નીચે મુજબ છેઃ—

(૧) ભગવતી (૨) [1]વિજયા (૩) સુજયા (૪) અજિતા (૫) અપરાજિતા (૬) જયાવહા (૭) ભવતી (૮) [2]ભદ્રા (૯) કલ્યાણી (૧૦) મંગલા (૧૧) [3]શિવા (૧૨) તુષ્ટિદા (૧૩) પુષ્ટિદા, (૧૪) સિદ્ધિદાયિની (૧૫) [4]નિર્વૃતિ (૧૬)[5]નિર્વાણી (૧૭) અભય (૧૮) ક્ષેમંકરી (૧૯) શુભંકરી (૨૦) સરસ્વતી (૨૧) શ્રીદેવતા (૨૨) રમા (૨૩) કીર્તિદા અને (૨૪) યશોદા.[6]

આ નામો વડે દેવીની સ્તુતિ કરવાની સાથે 'જગન્મંગલ કવચ'ની રચના કરાયાનું પ્રબોધટીકા (ભા. ૨, પૃ. ૫૩૮–૫૩૯)માં કથન છે.

ચૌદમા પદ્યનો વિજયા–જયા નવ–રત્ન-માલા'ના દ્વિતીય વિભાગ તરીકે નિર્દેશ કરી એને 'અક્ષર-સ્તુતિ' કહી છે.

બારમા પદ્યમાં અતિવૃષ્ટિ ઈત્યાદિ આઠ ભય તેમજ રાક્ષસ વગેરેનો કરાતા સાત ઉપદ્રવોનો સ્પષ્ટ ઉલ્લેખ છે. 'આદિ'થી ભૂતાદિનો ઉપદ્રવ સૂચવાયાનું પ્રબોધ ટીકા (ભા. ૨, પૃ. ૫૪૨) જોતાં જણાય છે.

ચૌદમું પદ્ય નિજન લિખિત ષોડશી મંત્રથી વિભૂષિત છેઃ—

"ॐ नमो नमो ह्रां ह्रीं ह्रूं ह्रः यः क्षः ह्रीं फट्ट फट्ट स्वाहा"

ઉપર્યુક્ત મંત્રવડે જયા (વિજયા)દેવીની સ્તુતિનું ફળ. અને શાન્તિનાથને વન્દન.

પદ્ય ૧૬–૧૭ દ્વારા ફલશ્રુતિ, ૧૮ દ્વારા જિનેશ્વરની પૂજાનું ફળ અને અંતે અજય મંગળ.

૧૬મા પદ્યમાં કહ્યું છે કે આ સ્તવ પૂર્વકાલીન સૂરિએ દર્શાવેલા મન્ત્ર પદોથી વિદર્ભિત છે. ૧૭મા પદ્યમાં કર્તાએ પોતાનો 'માનદેવસૂરિ' તરીકે ઉલ્લેખ કર્યો છે.

પ્રથમ પદ્યમાં 'શ્'નો આઠવાર ઉપયોગ કરાયો છે, આવું એક દૃષ્ટાંત તૈત્તિરીય ઉપનિષદ્ની શિક્ષાવલી પૂરૂં પાડે છે.

---

૧. જયા, વિજયા, અજિતા અને અપરાજિતા એ નામની ચાર દેવીઓ પૂર્વાદિ ચાર દિશાઓનાં દ્વારોનું અને કેટલાકને મતે ચાર ખૂણાઓનું રક્ષણ કરે છે. જુઓ નિર્વાણકલિકા.

૨. આ સૂર્યની પત્ની રન્નાની પુત્રીનું નામ છે.

૩. એ પાર્વતીનું નામાંતર છે.

૪. આનો અર્થ 'શાન્તિ દેવી' કરાયો છે.

૫. આ શાન્તિનાથની શાસનદેવીનું નામ છે.

૬. આ વિશેષણો પૈકી સપ્તમ પદ્યમાં ૭, આઠમામાં ૬, નવમામાં ૫, દશમામાં ૨ અને અગિયારમાં ૪ વિશેષણો વપરાયાં છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિમિત્તની પ્રબલતા

લે. પૂજ્ય આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજના શિષ્ય
પં. શ્રી હેમચન્દ્રવિજયજી ગણિ (વ્યાકરણાચાર્ય)

પ્રભાત કાળ થાય ને સૂર્ય પૂર્વદિશામાં ઝળહળી ઊઠે. ચોમેર પ્રકાશ પ્રકાશ પથરાઈ જાય. પણ પથરાતા એ પ્રકાશમાં જોઈતો તે જ શકે કે જેની પાસે ચક્ષુ છે. ચક્ષુવિકલને તો શું દિવસ ને શું રાત. તેના માટે બધુંજ સરખું. આત્માની પણ આવીજ વાત છે એનામાં પણ જ્યારે વિવેક દૃષ્ટિ કે સમજણશક્તિ જાગૃત થાય છે ત્યારે તેને અપાતાં ઉપદેશો કે બોધવચનો એના જીવનપંથને ઉજાળવા પર્યાપ્ત બને છે. અરે, કદાચ એવા કોઈ બોધ વચનો કહેનાર ન હોય તો પણ આ આખું જગત અને તેના કુદરતી કે નૈમિત્તિક થતા પરિવર્તનો તેને માર્ગ ચીંધવા સમર્થ બને છે.

સંધ્યાના પલટાતા રંગો, પુષ્પોની વિકસિત અને મુકુલિત અવસ્થા, સ્વ-પર શરીરની વૃદ્ધિ-હાનિ દશા, અને સ્વજનાદિના મરણ વગેરે પ્રસંગો આત્માને બોધ આપવા માટે ક્યાં પૂરતા નથી? પણ આ બધી વસ્તુઓથી પ્રાપ્ત થતો બોધ ત્યારે જ ઝીલાય છે કે જ્યારે જીવ તેવી યોગ્યતા મેળવે છે. અયોગ્ય આત્મા માટે તો આવા અસંખ્ય નિમિત્તો પણ નિષ્ફળ પૂરવાર થાય છે. અહીં એવા નિમિત્તને પ્રાપ્ત કરી બોધ મેળવનાર એક શ્રેષ્ઠીની કથા આપણે જોઈશું.

વસંતપુર નામના નગરમાં સમૃદ્ધિશાળી એક શેઠ રહેતા હતા. તેમનું નામ હતું કાષ્ઠ (કોષ્ઠ) શ્રેષ્ઠી. ન્યાય, નીતિ અને સદાચારને પોતાના જીવનમાં વણી લેનાર તે શેઠ ઘણા ધર્મપરાયણ હતા. એક બીજાના વિરોધ વગર તેઓ ધર્મ, અર્થ અને કામને જાળવતા હતા. તે શેઠને વજ્રા નામની સુશીલ પત્ની હતી. પતિના ધર્મ કાર્યોનું અનુમોદન કરતી અને પોતે પણ શક્ય રીતે ધર્મનું આચરણ કરતી તે સુખમય દિવસો પસાર કરતી હતી. તેને એક પુત્ર હતો જેનું અન્વર્થ નામ પ્રિયંકર હતું. તેને જોઈને કોઈને પણ તેના ઉપર પ્રેમ થયા વગર ન રહે. તેવો એ સૌભાગ્ય નામ-કર્મના ઉદયવાળો જીવ હતો. જ્યારે પરાયાને પ્રીતિ થાય તો પોતાના માત-પિતાનો એના ઉપર સવાયો પ્રેમ થાય એમાં શી નવાઈ? સૌની પ્રેમ વર્ષામાં દિન-રાત ન્હાતો તે બાળક દિનપ્રતિદિન વધવા લાગ્યો.

શેઠની પાસે સમૃદ્ધિ તો ઘણી હતી. પણ એમને જેટલી હતી તે કરતાં વિશેષ કમાવાની ભાવના થઈ. આવી સંપત્તિ સ્વદેશ કરતાં પરદેશમાં જ માણસ સહેલાઈથી કમાઈ શકે છે એવી એક માન્યતા છે. શેઠને પણ થયું કે લાવને થોડાક દિવસો પરદેશમાં જઈને કમાઈ આવું. પછી તો અહીં બેઠા બેઠા નિરાંતે ખાવાનું જ છે ને?

દુષ્પૂર એવી આશાને મનુષ્ય દુન્યવી સંપત્તિ અને ભોગોથી પૂરી કરવા ઇચ્છે છે પણ તેને ક્યાં ખબર છે કે-આમ કરવાથી એની એ આશા પૂરાવાને બદલે ઊલટી વધુ ને વધુ ઊંડી ઉતરતી જાય છે.

વધુ સંપત્તિશાળી બનવાની લાલસા એ રોકી ન શક્યા અને શેઠે શુભમુહૂર્તે સારા શુકન જોઈ પરદેશ જવા પ્રયાણ કર્યું. જતા જતા પોતાની પત્નીને તે કહેતા ગયા કે હું થોડાક સમયમાં પાછો આવીશ ત્યાં સુધીમાં તું આપણું ઘર બરાબર જાળવજે. વળી આપણે ત્યાં રહેતી આ મદનશલાકા દાસી તેમજ કૂકડો, અને પોપટ-આ ત્રણે વસ્તુઓ રત્નસમાન છે. પુત્રની જેમ એઓનું રક્ષણ કરજે એમાં જરાય પ્રમાદ કરતી નહીં. શેઠને ત્યાં પૂજ કરતા દેવશર્મા નામના બ્રાહ્મણ બાળકને પણ શેઠે શિખામણ આપી અને પોતાની પત્ની તથા ઘરની સાર-સંભાળ રાખવાની ભલામણ કરી. શેઠાણી વજ્રા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને દેવશર્માએ શેઠના વચનનો ઉમળકાભર્યો પ્રત્યુત્તર વાળ્યો અને આ બાબતમાં જરા પણ ચિન્તા ન કરવાનું સૂચવ્યું. પરદેશમાં પહોંચી શેઠ કુશળતાપૂર્વક વેપાર ખેડવા લાગ્યા.

આ બાજુ સ્વચ્છંદતાને પાંગરવા માટેના યૌવન ધન સંપત્તિ માલિકીપણું અને અવિવેક આ ચારે નિમિત્તો પ્રાપ્ત થતાં શેઠાણી વજ્રા ધીરે ધીરે દેવશર્મા પ્રતિ આકર્ષાવા લાગી અને દેવશર્મા પણ નિરંકુશપણે કુલ અને શીલની મર્યાદાઓ તોડી તેની સાથે ખરાબ વર્તાવે વર્તવા લાગ્યો.

મદનશલાકા દાસીએ આવા અકાર્ય માટે ચેતવણી આપી તો તે અપ્રિય થઈ પડી.

એક વખત ભિક્ષા લેવા માટે બે સાધુઓ વજ્રાના ઘેર આવ્યા. આંગણામાં જ એમથી તેમ ફરતા કૂકડાને જોઇ એકે બીજા સાધુને ધીમા અવાજે કહ્યું કે–" આ કૂકડો એવો લક્ષણવંતો છે કે એના મસ્તકનું જે ભોજન કરે તે નક્કી રાજા થાય."

અત્યંત ધીમા અવાજે કહેતા પણ તે સાધુના વચનને ભીંતના આંતરે ઉભેલા દેવશર્માએ સાંભળી લીધું. તેણે મનમાં ગાંઠ વાળી. ગમે તે થાય પણ મારે કૂકડાનું માંસ ખાવું.

વજ્રાને તેણે કહ્યું કે–આપણો પ્રેમ જો તારે જાળવવો હોય તો આ કૂકડાનું માંસ મને રાંધી આપ. નહિંતર હું અહીંથી આ ચાલ્યો. વજ્રાએ તેને આવો આગ્રહ ન રાખવા ઘણું સમજાવ્યો, પણ તે માન્યો નહીં. અને આવો બીજો કૂકડો લાવીને આપી દેવા માટે જણાવ્યું. પોતાના પતિએ જેના રક્ષણ માટે ખાસ સૂચન કર્યું હતું તે પોતાના જ હાથે આ રીતે હણાય એ ન ઇચ્છવા છતાં તેના રાગમાં બંધાયેલી વજ્રાએ કમને પણ તે કાર્ય કર્યું. કૂકડાને નિર્દયતાપૂર્વક પકડી તેનો સંસ્કાર કર્યો.

પોતાનું પોષણ કરનાર જ આવી રીતે ક્રૂરતાભર્યું કાર્ય કરશે એવી ગંધ પણ આવા પક્ષીને ક્યાંથી આવે!

(વધુ આવતા અંકે)

# સમાચારસાર

## ભગવાન શ્રી મહાવીરદેવની ૨૫મી નિર્વાણ શતાબ્દીની ઉજવણી અંગે શ્રી સંઘને નિવેદન અને વિનંતી

ભારત સરકારે પરમ ભગવાન શ્રી મહાવીરદેવના ૨૫૦૦મા નિર્વાણકલ્યાણકની ઉજવણી કરવા માટે એક રાષ્ટ્રીય સમિતિ નીમી છે. આ સમિતિમાં અનેક સભ્યો જૈન ધર્મના જાણકાર છે અને ધર્મશ્રદ્ધાળુ છે. ઉજવણી અંગેનો સત્તાવાર જે કાર્યક્રમ બહાર પડયો છે તે પ્રથમ ચારેય ફિરકાઓની મળેલી સંયુક્ત કમિટીએ ચર્ચા વિચારણા કરી લીધા બાદ નક્કી કરેલો છે. અને તે પછી તે કાર્યક્રમને ભારત સરકારે મંજૂર રાખ્યો છે. કાર્યક્રમમાં ભગવાન શ્રી મહાવીરના ગૌરવને જૈનધર્મના કે જૈન ઇતિહાસને હાનિ પહોંચે એવી એક પણ બાબત નથી. વળી ભવિષ્યમાં પણ જાણે અજાણે ક્ષતિ પહોંચવાનો પ્રસંગ ઊભો ન થાય એટલા માટે નીમવામાં આવેલી તમામ સમિતિઓમાં જૈનોને ખાસ સ્થાન પણ આપવામાં આવ્યું છે. પરિસ્થિતિ આટલી સ્પષ્ટ અને અનુકૂળ હોવા છતાં અમોને અત્યંત ખેદ થાય છે કે મૂર્તિપૂજક જૈન સંપ્રદાયના કોઈ કોઇ પૂજ્ય આચાર્ય મહારાજો તથા કેટલાક પૂ. મુનિરાજો અને શ્રાવક બંધુઓ વિના કારણ સાચી પરિસ્થિતિની અવળી રજૂઆત કરી રહ્યા છે અને સારીએ પ્રવૃત્તિનો વિરોધ કરવા દ્વારા જૈન સમાજને ગેરરસ્તે દોરવવાનો સતત પ્રયત્ન કરી રહ્યા છે, જે એક કમનસીબ અને દુઃખદ બાબત છે. આથી અમારી જૈન શ્રીસંઘને–સમાજને નમ્ર વિનંતી છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે પત્ર-પત્રિકા કે પ્રવચનો દ્વારા જૈન સંઘને કે જૈન સંસ્કૃતિને હાનિ કરનારા થઈ રહેલા ઉગ્ર અને વિરોધી પ્રચારથી જરા પણ ગેરરસ્તે ન દોરવાતાં રાષ્ટ્રીય ઉજવણીમાં પૂરેપૂરો સાથ અને સહકાર આપે.

વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ જોતાં ભગવાન શ્રી મહાવીરદેવની ઉજવણીને ભારત સરકાર તરફથી વિવિધ રીતે જે સાથ સાંપડયો છે એ ખરેખર જૈન શાસનની પ્રભાવના કરવામાં, જૈનધર્મના પ્રચારમાં અને ૫૫ કરોડની વસ્તીવાળા વિશાળ રાષ્ટ્રમાં અહિંસાની પરમ વિભૂતિ ભગવાન મહાવીરનો ભવ્ય પરિચય કરાવવામાં તેમજ તેમના મહાન સિદ્ધાંતોની જાણ કરાવવામાં ઘણો જ સહાયક બનશે. એટલું જ નહિ શાસનના હિતમાં એની દુરગામી શ્રેષ્ઠ અસરો પડશે એવું અમારૂં સ્પષ્ટ મંતવ્ય છે અને એથી જ ભારત સરકાર આપણા સૌના હાર્દિક અભિનંદનને પાત્ર છે. એમ અમે માનીએ છીએ.

એક બાબત ખ્યાલમાં રહેવી જોઈએ કે ભારત સરકાર કોઈપણ સંપ્રદાયને વરેલી નથી એટલે રાષ્ટ્રીય સ્તરે થનારી ઉજવણી તો તેની મર્યાદાને અનુસરીને જ થશે, પણ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘોએ પોતાની પરંપરા અને મર્યાદાને અનુસરીને વિશાળ ધાર્મિક કાર્યક્રમો અને સાહિત્ય પ્રકાશન દ્વારા ભગવાન શ્રી મહાવીરનો અહિંસાનો સંદેશો સર્વત્ર પહોંચાડવો જોઈએ અને મળેલ તકનો પૂરેપૂરો લાભ ઉઠાવવો જોઈએ. આ માટે સૌએ એકવાકયતા ઊભી કરીને સંપ અને સંગઠિતપણે ચતુર્વિધ શ્રી સંઘે પૂરા પુરુષાર્થ સાથે શીઘ્ર કામે લાગી જવું જોઈએ. પૂજ્ય ગુરુદેવોને અમારી નમ્ર વિનંતી છે કે તેઓ સૌ વિશાળ દૃષ્ટિબિન્દુ અપનાવી દીર્ઘદૃષ્ટિ રાખીને જૈન સંઘને સાચી દોરવણી આપીને આપણા તારક પરમાત્માના કલ્યાણકારક આદેશો અને ઉપદેશોના પ્રચાર માટે બધું કરી છુટવું જોઈએ, અને વિરોધની ખાતર થતા વિરોધો તરફ લેશ માત્ર ધ્યાન આપવું ન જોઈએ. ભગવાન મહાવીરના સાત્વિક અને સાચા અનુયાયી તરીકે આપણી આ જ ફરજ છે.

જૈન શ્રીસંઘ ખાતરી રાખે કે ભગવાનની આશાતના કે લઘુતા થાય તેમજ જૈન ધર્મને હાનિ પહોંચે એવું રાષ્ટ્રિય સમિતિએ કશું કર્યું નથી અને કરશે નહિ. ભારત સરકારે તો પ્રથમથી જ સમિતિને સ્પષ્ટ જણાવ્યું છે કે તમારી ધાર્મિક મર્યાદાઓ મુજબ ઉજવણી કેમ કરવી તેના નિર્ણયો તમારે (જૈનોએ જ) કરવાના છે અને એથી એનો તમામ કાર્યક્રમ જૈનોએ નક્કી કરેલો છે.

અન્તમાં જૈન સંઘો કે વ્યક્તિઓને નમ્ર વિનંતી કે કાલ્પનિક ભયોથી ભરેલા ગેરમાર્ગે દોરનારા પ્રચારથી જરા પણ દોરવાયા વગર આ કાર્યમાં સૌ ઉમળકાથી હાર્દિક સહકાર આપે.

લિ.

અમૃતલાલ કાલીદાસ દોશી — કસ્તુરભાઈ લાલભાઈ

જયંતિલાલ રતનચંદ શાહ — ઋષભદાસ રાંકા

(રાષ્ટ્રીય સમિતિના સભ્યો)

વડોદરા જાનીશેરી શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રયે સ્થીરવાસ બિરાજમાન વયોવૃદ્ધ અનુયોગાચાર્ય પંન્યાસ શ્રી નેમવિજયજી મહારાજ તા. ૮-૧૦-૭૩ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા તે નિમિત્તે બહારગામના સંઘો, પૂ. આચાર્ય ભગવંતો, સાધુ-સાધ્વી મહારાજાઓ તરફથી આવેલ શોક પ્રદર્શિત ઠરાવો, સંદેશાઓનો વ્યક્તિગત આભાર માનવો મુશ્કેલ હોઈ અત્રે ચાતુર્માસ બિરાજમાન આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા તથા પંન્યાસ શ્રી ચંદનવિજયજી તથા વડોદરા સંઘ આ પત્ર દ્વારા જાહેર આભાર માને છે.

લિ. ઝવેરી રમણલાલ ચંદુલાલ-પ્રમુખ
શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય કમિટિ, વડોદરા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મુંબઈ શ્રી મહાવીર જૈન વિદ્યાલય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ વિદ્યાર્થીગૃહ નામકરણ અને તૈલચિત્ર સમર્પણ સમારંભ :-

શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી અંધેરી શાખાનું બાંધકામ પૂર્ણ થયું છે તે અંગે રવિવાર તા. ૧૧-૧૧-૧૯૭૩ ને રવિવારના રોજ સવારે પોણા દસ વાગે નીચેના કાર્ય અંગે એક સમારંભ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી ડૉ. શ્રી શાન્તિલાલ જે. શાહના પ્રમુખસ્થાને યોજેલ છે.

(૧) આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ વિદ્યાર્થી ગૃહ નામકરણ: સમાજહિત ચિંતક શ્રીમતી શાંતાબેન ઝવેરચંદ મહેતાના શુભ હસ્તે.

(૨) આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી સભાગૃહ: ધર્માનુરાગી શેઠશ્રી અમૃતલાલ મોહનલાલ શાપરીઆના વરદ હસ્તે.

(૩) શ્રી કાન્તિલાલ સી. પરીખ હોલ :- કેળવણીપ્રેમી શેઠશ્રી મણિલાલ માણેકચંદ સંઘવીના વરદ હસ્તે.

(૪) શ્રી મહેતા ટ્રસ્ટ હોલ :- ઉદારદિલ શેઠશ્રી માણેકલાલ ચુનીલાલના વરદ હસ્તે.

## બોર્ડની ૬૬મી પરીક્ષાઓ :

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની ૬૬મી ધાર્મિક હરિફાઈની આગામી પરીક્ષાઓ રવિવાર, તા. ૬-૧-૧૯૭૪ (સંવત ૨૦૩૦ના પોષ સુદી ૧૩)ના રોજ બપોરના સ્ટા. ટા. ૧ થી ૪ સુધીમાં ભારતભરમાં સર્વ કેન્દ્રોમાં લેવામાં આવશે.

સંસ્થાએ નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ આ પરીક્ષાઓ લેવામાં આવશે પરીક્ષામાં બેસવા માટેના ફોર્મ મોડામાં મોડા તા. ૧૫-૧૨-૧૯૭૩ સુધીમાં બોર્ડના કાર્યાલયમાં સ્વીકારવામાં આવશે.

સૂચના : પરીક્ષા અંગેના ફોર્મ શાહીથી સારા અક્ષરમાં સંપૂર્ણ વિગત સાથે ભરશો, ભાઈ અને બહેનોના અલગ નામો ન લખતા ધોરણવાર સાથે ઊંચા ધોરણના ક્રમથી (૬ ૫ ૪ ૩ ૨ ૧) નામો લખશો. એક ધોરણના નામો લખતાં વચ્ચે એકાદ લીટી છોડીને લખવા. અવ્યવસ્થિત અને અધૂરી વિગતોવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં.

નોંધ :- ધો. ૧ લાં. બીજા અને ત્રીજામાં જે કથાઓ છે, તેનું સળંગ પુસ્તક "ધર્મકથા" ગુજરાતી તથા હિન્દીમાં છપાવેલ છે, ગુજરાતીની કિંમત ૦-૭૫ + ૦-૨૫ પોસ્ટેજ; હિન્દીની કિંમત ૧-૦૦ + ૦-૨૫ પોસ્ટેજ. મંગાવનારે મનીઓર્ડર કાર્યાલયના સરનામે કરવું. વી. પી. કરવામાં આવશે નહિં.

લી. ભવદીય,
શાંતિલાલ મગનલાલ શાહ
મનસુખલાલ તારાચંદ મહેતા
માનદ મંત્રીઓ

તા. ૫-૧૧-૧૯૭૩.

## બોર્ડમાં મંત્રી તરીકે શ્રી મહેતાની નિમણુંક

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની વ્યવસ્થાપક સમિતિની એક સભા રવિવારે તા. ૪-૧૧-૭૩ ના રોજ મળી હતી. વ્યવસ્થાપક સમિતિના સભ્ય શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતાના અવસાન બદલ શોક પ્રદર્શિત ઠરાવ કરવામાં આવ્યો હતો. સંસ્થાના મંત્રી શ્રી ચંદુલાલ વર્ધમાન શાહના અવસાનથી ખાલી પડેલી જગ્યા ઉપર શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાની મંત્રી તરીકે અને વ્યવસ્થાપક સમિતિની ખાલી પડેલ બે જગ્યા ઉપર શ્રી રસીકલાલ ચીમનલાલ શાહ તથા ડૉ. નરેન્દ્રભાઈ આર. ભાઉની નિમણુંક કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

### संस्कृत ग्रंथा

| | |
|---|---|
| १ वसुदेव हिण्डी-द्वितीय अंश | १०-०० |
| २ बृहत्कल्पसूत्र भा॰ ६ ट्ठो | २०-०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित-महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५-०० |
| ४. ,, ,, प्रताकारे | १५-०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०-०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५-०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५-०० |
| ८ प्रबंधपंचशती | १५-०० |

### અંગ્રેજી ગ્રંથો

| | |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

### ગુજરાતી ગ્રંથો

| | |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૦-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્ન ભા. ૨ | ૨-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૦-૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૨-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨-૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨-૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૫-૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૨-૦૦ |

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**


તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રકઃ હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only